દેવયાની નાટકનાં
ગાયનો.

મોરબી આર્ય સુબોધ નાટક મંડળી માટે
છપાવી પ્રસિદ્ધ કરનાર

મુળજી આશારામ ઓઝા.

આવૃત્તિ ૧ લી.

અમદાવાદ.
અમદાવાદ યુનાઇટેડ પ્રિન્ટિંગ અને જનરલ
એજન્સી કંપની "લિમિટેડ" ના પ્રેસમાં પથરછાપે
રણછોડલાલ ગંગારામે છાપ્યાં.

સંવત ૧૯૫૬. ઈ. સ. ૧૮૯૯

કિંમત બે આના.

નાટકનો ટુંક સાર.

ઇશ્વર સ્તુતિ.

દાનવપતિ વૃષપર્વાનો દરબાર, તેમાં દેવતાઓ સાથેના યુદ્ધની વાત થાય છે; એવામાં ગુરૂ શુક્રાચાર્યનું પોતાની પુત્રી દેવયાની સાથે આગમન. ગુરૂપુત્રી તથા રાજકુમારીઓ વચ્ચે પોતાના ભવિષ્યના પતિઓ માટે વિનોદ વાત ચાલે છે; એ બાળ ચેષ્ટા જોઇ રાજા તથા ગુરૂ ખુશી થાય છે. બાદ એક ચિતારો કેટલાક નામાંકિત રાજાનાં ચિત્રો દાનવ પતિને ભેટ કરે છે. તે તેની મોટી પુત્રી હંસાવળીને આપે છે. ત્યાર પછી દરબાર ખલાસ થાય છે.

-શુક્રાચાર્ય પાસે તેમનાં પત્ની, દેવયાનીનું ભવિષ્ય કહેવાની હઠ લેછે, પણ ગુરૂ તે નહીં માનવાથી ગુરૂપત્ની રીસાઇને ચાલ્યાં જાય છે. તે જોઇને શુક્રાચાર્યનો શિષ્ય મિથ્યાભિમાની ત્રિપુરાશંકર ગુરૂને ઠપકો આપે છે કે આમ મોઢે ચડાવો છો એ સારૂં નહીં, તેથી ગુરૂ તેના મિથ્યાભિમાનનો બળાપો કરે છે. એવામાં દેવના ગુરૂ બૃહસ્પતિનો પુત્ર કચ મૃતસંજી-વની વિદ્યા શિખવા ગુરૂ પાસે આવે છે; તેને જોઇ ગુરૂપુત્રી તેનાપર મોહિત થાય છે.

*—વૃષપર્વાના પુરોહિતના ઘરનો દેખાવ. તેને બે પુત્રીઓ છે. મોટી લક્ષણવંતી છટેલી તથા રાજ ખવાસણોમાં રહેનારી છે. તેને મિથ્યાભિમાની ત્રિપુરાશંકર વેરે આપેલી છે, અને બીજી સદ્ગુણી રૂપીલા નામની કુંવારી છે, તે શુક્રાચાર્યના શિષ્ય

દેવશર્મા સાથે પરણવા ઈચ્છે છે. પણ લોભી પુરોહિત તેને નહીં આપતાં એક વૃદ્ધ પુરૂષ સાથે તેનો કન્યાવિક્રય કરે છે.

૫—વૃષપર્વાની મોટી પુત્રી હંસાવળી જે ચિત્રો લાવી છે, તેમાંથી એક છબીપર તેનું પ્રેમાબ્ધિન થવું; તથા તેના સ્વપ્નાની ભ્રમણાનો ચિતાર.

૬—ગુરૂ શુક્રાચાર્ય ત્રિકાળદર્શી છે, તેથી રાજા રાણી પોતાની પુત્રીના પસંદ કરેલા ચિત્રનો ભેદ જાણવા પ્રાર્થના કરે છે; શુક્રાચાર્ય ધ્યાનથી જોઈ કોસલા નગરીનો રાજા કમળાકર મહા પ્રતાપી તારી પુત્રીને લાયક છે, વિગેરે કહેતાં તેની સાથે લગ્નનુ નક્કી કરે છે. બાદ ગુરૂની સાથે આવેલ કચને જોઈ તે મૃતસંજીવની શિખી જશે તેની વિમાસણમાં પડી રાજા પ્રધાન સાથે તેનો ઘાટ ઘડવાની મસલત કરે છે.

૭—દેવયાની તથા તેની સખી હંસાવલી વચ્ચે પ્રેમની વાતો; બાદ ગુરૂનું આવવું. કચ સવારનો બહાર ગયો છે, તે હજી આવ્યો નહીં, તેની ગુરૂ પ્રત્યે દેવયાનીની ચિંતા. ગુરૂ ધ્યાનથી જોઈ કચ હવે નહીં આવે, એવું કહેતાં દેવયાનીનો સંતાપ; ત્યાર પછી દેવયાનીના આગ્રહથી મૃતસંજીવની વિદ્યાના પ્રભાવવડે ગુરૂ કચને જીવતો કરી બોલાવે છે; વિગેરે.

૮—વૃષપર્વાના પુરોહિત મયારામનુ મોહોલાના છોકરાઓ સાથેનુ ફારસ; ત્યાર પછી તેના જમાઈ ત્રિપુગશંકરનું આવવું, અને તેની મુર્ખાઈનો ચિતાર.

૯—કચ દર્ભ લેવા જંગલમાં ફરે છે, તેવામાં રાક્ષસી માયાથી જંગલમાંથી દરિયો થઈ જવો, અને કેટલાક રાક્ષસોનું ઉતરી આવવું; બાદ તેઓ કચને ઉપાડી પાતાળમાં જવાનુ ચિંતન

કરવાથી દરિયામાંથી એકદમ પાતાળમાં જવાના રસ્તાનું ખુલ્લાવું, વિગેરે ચમત્કારી દેખાવ.

૧૦—કચ પાછો નહીં આવવાથી દેવીયાનીનો ગુરૂ પ્રત્યે સંતાપ. ધ્યાનથી જોતાં રાક્ષસોએ કચને મારી તેની રાખ કરી મધની સાથે પાઈ દીધી છે, એટલે તે આવેતો હુંમરૂં, પણ છેવટે દેવયાનીના આગ્રહને લીધે કચને મૃતસંજીવની વિદ્યા શિખવી પોતાનું પેટ ફાડી નીકળવાનું કહેતાં તે નીકળે છે. ત્યાર પછી તે ગુરૂને સજીવન કરી તેનો આભાર માને છે. ગુરૂ તેને હવે આહીં નહીં રોકાતાં ઇંદ્રિલોકમાં જવાનું કહી જાય છે. દેવયાની પોતાના ઉપકારના બદલામાં કચ પાસે પ્રેમની માગણી કરે છે. પણ તે ગુરૂપુત્રી બેન થાય, માટે ના સ્વીકાર કરે છે. તેથી તે ગુસ્સે થઈ કચને મૃતસંજીવની અફળ જશે, એવો શાપ આપે છે. કચ તેને ક્ષત્રિની ભાર્યા થઇશ એવો શાપ આપે છે. એવામાં બે અપ્સરાઓનું વિમાનમાં બેસી આકાશમાંથી ઉતરી આવવું, અને કચને લઇને ઇંદ્રલોક પ્રત્યે ચાલ્યાં જવું, વિગેરે વિગેરે.

અંક ૨ જો.

૧—દેવયાની ને શર્મિષ્ટા, મોળાકૃતના વ્રતનો છેલ્લો દિવસ હોવાથી જવારા તળાવેં પધરાવવા ગાતાં ગાતાં જાય છે.

૨—મયારામ પુરોહિત પોતાની મોટી પુત્રી લક્ષણવંતીને સાસરે વોળાવે છે.

૩—શર્મિષ્ટા તથા દેવયાની વચ્ચે કજીયો તેથી રાજપુત્રી, દેવયા-

નીને તળાવમાં ફેંકી ચાલી જાય છે. એવામાં કાશી નગરના રાજા યયાતીનું હોડીમાં બેસીને આવવું અને દેવયાનીને બચાવી તેથી પરસ્પર પ્રેમમાં બંધાવું થાય છે.

૪—દેવયાનીને તળાવમાં રાજપુત્રીએ ફેંકી દીધી, તેથી ગુરૂનું રીસાઇને ચાલ્યા જવાનું જાણી વૃષપર્વાનું મનાવવું. છેવટે તેની પુત્રી શર્મિષ્ઠા દેવયાનીની દાસી થઈ તેને સાસરે સાથે જાય એમ ચોકસ થવાથી પાછું વળવું, તેમાં શર્મિષ્ઠાની પિતુ ભક્તિ.

૫—ત્રિપુરાશંકરના મિથ્યાભિમાનના પોગળનું ગુરૂ પાસે ઉઘાડું પડવું; ને પતિ પત્નીનું જૂદા થવું.

૬—રાજા કમળાકરનો દરબાર, તેમાં વ્યભિચાર કરનારને દેહાંત દંડની શિક્ષા કરવાનો કાયદો અમલમાં મુકવાનો ન્યાયશાસ્ત્રીનો આગ્રહ.

૭—શુષીલા નહીં મળવાથી દેવશર્મા મહાદેવના મંદીરમાં ગળે ફાંસો ખાય છે, ત્યાં સ્ત્રીના દુઃખથી કંટાળી હરિભજન કરતો ત્રિપુરાશંકર તેને અટકાવે છે. દરમ્યાનમાં એ મંદિરે શુષીલાનું વૃદ્ધવર સાથે દર્શને આવવાનું જોઇ બન્ને મહાદેવના મંદિરમાં ચિકિત્સા જોવા સંતાય છે. શુષીલા મનનો માન્યો નહીં મળવાથી આપઘાત કરે છે; તેને દેવશર્મા અટકાવે છે છેવટ શુષીલાનો પોશાક પેહેરી ત્રિપુરાશંકર વૃદ્ધવર સાથે જાઇ ને પ્રેમી જોડાને મેળવી સુખી કરે છે.

૮—પોતાની છબીવાળો પસંદ કરેલોજ પતિ જાન લઇને આવેલ છે કે બીજો તેની તજવીજ કરવા હંસાવલી લક્ષ્મણવંતીને તથા ચળીતાને મોકલે છે; લક્ષ્મણવંતી કમળાકરને જોઈ તેનાપર પ્રેમાધિન થાય છે. તેથી હંસાવલીની બદલીમાં પોતે પરણવાની જુક્તિ કરે છે.

૯—દેવયાની શૃંગાર સજે છે, ને શર્મિષ્ઠા આભૂષણો પેરાવે છે. તેમાં ભૂલ થવાથી તે તેને વઢે છે. એવામાં રાજાજીના પધારવાના "ીજી દાસી ખબર આપે છે; રાજાજીને વાતે લગાડવાની ભલામણ આપી રાણી વેણી બાંધવા જાય છે, ને પાછળથી રાજા પ્રવેશ કરે છે; તે શર્મિષ્ઠાને જોઈ પ્રેમાધીન થાય છે. તેવામાં દેવયાની આવે છે, ને બન્નેને પ્રેમાંધ બનેલાં જોઈ ક્રોધ કરી ચાલી જાય છે.

૧૦—હંસાવલીના વીવાના ઉછરંગમાં સૌ રાસડા લે છે, ત્યાં લક્ષણવંતી તથા ચલીતા સાધુડીના વેશે તેને એક બાજુએ બોલાવી કમળાકર વિશેના ખોટા ખબર આપે છે. તેથી હંસાવલી ગભરાય છે, ને લક્ષણવંતીને પોતાની બદલીમાં પરણાવવાનું નકી કરે છે.

૧૧—ત્રિપુરાશંકર સ્ત્રી રૂપે જેનપીને ઘેર આવેલ છે. તે ઉઘાડે પડે છે, ને છેવટે માર મારી કાઢી મૂકે છે; તેનુ ફારસ.

૧૨—હંસાવળીને ભુલાવો ખવરાવી લક્ષણવંતી કમળાકરને પરણી છે. તે પ્રપંચ હંસાવલીના જાણવામાં આવે છે; અને પોતાની ભૂલ માટે ઘણો પસ્તાવો કરે છે. ને પોતાના પ્રીતમની નગરી ભણી જાય છે.

૧૩—દેવયાનીને મળવા શુક્રાચાર્ય આવે છે; યયાની રાજાએ પોતાને તજી છે, એવી તેની પાસે દેવયાનીએ ફરિયાદ કરવાથી ગુરૂ ક્રોધાયમાન થઈ એકદમ શાપ આપી રાજાને વૃદ્ધ બનાવી દે છે; પાછળથી રાજા આવે છે, ને પોતાના કૃત્ય માટે પસ્તાવો કરે છે. દેવયાની શાપના નિવારણ માટે પિતાને વિનવે છે, ત્યારે તે અનુગ્રહ કરી કહે છે કે તેનો પુત્ર જો યુવાવસ્થા

આપે તો મળે, તે સિવાય રસ્તો નથી. છેવટ શર્મિષ્ટાનો પુત્ર પોતાની યુવાવસ્થા આપી પિતાની વૃદ્ધાવસ્થા પોતે ગ્રહણ કરે છે.

અંક ૩ જો.

૧—ત્રિપુરાશંકર સ્ત્રીથી કંટાળી સાધુ થએલો, તે એક કુવાને કાંઠે સુતેલો છે, તેને સ્વપ્નામાં પોતાની સ્ત્રી સાથે કજીયો થાય છે; તેમાં બાઝા બાઝી થતાં તે કુવામાં પડે છે. અને વટેમાર્ગુ કાઢે છે. દેવશર્મા તથા સુશીલાનો મેળાપ થાય છે

૨—લક્ષણવંતી રાણી થઈ, પણ જનાનામાં પુરાઈ રેહેવું ગમતું નથી, તેથી કોઈ યાર શોધી લાવવા ચળીતાને મોકલે છે.

૩—ત્રિપુરાશંકર સાધુમાંથી પાછો મુળવેશ ધારણ કરે છે, ને કમળાકરના નગરમાં આવે છે. ત્યાં એક સ્ત્રીપર બદદાનત કરવાથી તે નવા કાયદાનો ભોગ થાય છે. હંસાવલી પુરૂપવેશે શેહેરમાં ફરે છે ત્યાં તેને યાર શોધવા આવેલી ચળીતા મળે છે, ને તેને લક્ષણવંતી પાસે યાર તરીકે લઈ જાય છે.

૪—લક્ષણવંતી તથા યાર રૂપમાં હંસાવલીનો ભેટો. એવામાં કમળાકરનું આવવું, ને લક્ષણવંતીનું ગભરાવું. તે જોઈ હંસાવલી લક્ષણવંતીનો પોશાક પેહેરી સ્ત્રી રૂપે ઉભી રહેછે. તેને જોઈ રાજા મોહિત થાય છે તથા પોતાની સાથે લઈ જાય છે, લક્ષણવંતી ગભરાય છે, ને હવે ભોપાળું ખુલ્લું થશે માટે ચળીતાને મારી નાંખુંતો કોઈ સાક્ષી ન રહે એમ ધારી તેનો ઘાટ ઘડવા ભૈરવનાથને મંદિરે રાતના જવાનો સંકેત કરે છે.

૫—ત્રિપુરાશંકરની બેન તેના ભાઇને બચાવવા ન્યાયાધીશ પાસે અરજ કરવા આવે છે. તેને જોઈ ન્યાયાધીશની દાનત બદ થાયછે. છેવટ પોતાની ઇચ્છાને તાબે થવાની શરતે તેના ભાઇને મળવા જેલર ઉપર એક ચીઠી આપે છે.

૬—હંસાવલી તથા ચળીતાનો મેળાપ. પોતે રાત્રે ભૈરવનાથને મંદિરે જવાનાં છે તેથી તેને વાકેફ કરી જાય છે. પછી કમળાકર આવે છે, તેને યુક્તિથી લક્ષણવંતીનું ચરિત્ર બતાવવા હંસાવળી ભૈરવનાથને મંદિરે જવાનું ઠરાવે છે.

૭—કેદખાનામાં ત્રિપુરાશંકર તથા તેની બેનની મુલાકાત. રાજા છુપાઇને બધું સાંભળે છે; ત્રિપુરાશંકર તેની બેનને ન્યાયાધીશની ઇચ્છાને તાબે થઈ પોતાને છોડાવવાનું કહે છે ને તેની બેન તેનો તિરસ્કાર કરે છે. બાદ રાજા આવેછે ને તેને દિલાસો આપી, તેની બેનને પોતાની સાથે લઈ તેમાંથી છુટવાનો રસ્તો બતાવે છે.

૮—ત્રિપુરાશંકરની બેનની બદલીમાં ન્યાયાધીશ પોતાના સ્ત્રીની મુલાકાત લેછે; છેવટ તેની સ્ત્રી છતી થઈ તેને ધિટકાર આપે છે; ન્યાયાધીશ ભોંઠો પડેછે; તેવામાં રાજા આવી ન્યાયાધીશને ઠપકો આપે છે, તથા ત્રિપુરાશંકરને છોડી મૂકે છે.

૯—શર્મિષ્ઠાના પુત્રને શુક્રાચાર્ય પોતાને આશ્રમે યુવાવસ્થા પાછી અપાવવા સાથે લઈ જાય છે,

૧૦—લક્ષણવંતી ભૈરવનાથને મંદિરે ચળીતાને મારે છે, તેની બુમો સાંભળીને રોન ફરનારા આવે છે, ને તેને બચાવી લે છે; તેવામાં હંસાવલી રાજાને લઇને આવે છે; રાજા લક્ષણવંતીને મધ્યરાત્રે આહીં જોઈ ચકિત થાય છે.

તેવામાં રાજા યયાતી તથા તેની સ્ત્રી દેવયાની તથા શર્મિષ્ઠાનું અકસ્માત આવવું થાયછે; પરસ્પર સૌ મળે છે; લક્ષણવંતીનું ભોપાળું ઉઘાડું પડેછે; અને છેવટ હંસાવલી તથા કમળાકર મળે છે. બાદ નાટકની સમાપ્તીનું ગાયન ગવાય છે.

મુખ્ય પાત્રોનાં નામ.

વૃષપર્વા...........................દાનવ રાજા.

હંસાવલી }
શર્મિષ્ટા }.........................તેની પુત્રીઓ.

શુક્રાચાર્ય. ....દાનવ ગુરૂ.

દેવયાની. ....તેની પુત્રી.

કચ. ....બૃહસ્પતિનો પુત્ર.

મયારામ...........................દાનવરાજાનો પુરોહિત.

ત્રિપુરાશંકર.........................પુરોહીતનો જમાઈ.

લક્ષણવંતી ....તેની સ્ત્રી-પુરોહિતની દીકરી

શુષીલા. ....પુરોહિતની દીકરી.

દેવશર્મા.......................... શુક્રાચાર્યનો શિષ્ય.

દેવબાઈ...........................પુરોહિતની સ્ત્રી.

યયાતિ. ....કાશી નગરીનો રાજા.

કમળાકર..........................કોશલા નગરીનો રાજા.

નોકર, ચાકર, દાસ, દાસીઓ વિગેરે.

દેવયાની નાટકનાં ગાયનો.

અંક ૧ લો.

ઈશ્વર સ્તુતિ.

૧

ૐ તત્ સત્ પરમાત્મા જય, સર્વાંતર યામી,
શિશુગણ સ્નેહે તુજપદ વંદે, અચળ અકામી— ૐ તત્.
કમળ નયન જય શેષ શયન જય, જય જળધિના વાસી,
સાક્ષાતા, જગત્રાતા, ગુણ જ્ઞાતા, પિતુ માતા, શાંતિ આપો, કાન્તી આપો,
ભ્રાંતિ કાપો, હરો ત્રિતાપો, એ ઇચ્છા બહુનામી— ૐ તત્.
નાથ નિરંજન, ભવભય ભંજન, અરિ ગંજન, કરો રંજન, જો મુરારી,
હશે તારી, દયા સારી, તો વિચારી, નર નારી, ન્યારી ન્યારી, કૃતિ
નિહાળી, ઉરમાં ધારી, ગૃહશે ગુણ સુખ ધામી— ૐ તત્.
સાત્વિક શ્રીવર સ્વયં પ્રકાશી, આશ્રય એક તમારો, મતિ દાતા,
ગતિ દાતા, રતિ દાતા, ધૃતિ દાતા, ભવનિધી તારનારા, જગતને
પાળનારા, છો ભક્તાધિન સ્વામી— ૐ તત્.

૨

સદા જામો કીર્ત્તિ તમારી, કૂળદેવી કૃપા નર વર છે,
આહા કેવા દીપો, દેશો દેશના, અરિના દળને જીતી બળથી.
શત્રુ સંહારી, શાંતિ વિસ્તારી,
જાઈએ વારી,
આભારી આભારી— સદા.
સેવામાં, રાખીને, સંતોષો છો, પ્રીતેથી—

૩

આવા નિરક્ષર જનમ્યા ક્યાંથી, ખરી યોગ્યતા અટકી, એ અટક
રહી મન ખટકી, રે મોટી.—આવા.
નહીં નિગમગમ, નહીં યમ શમદમ, અધર રહેછે લટકી, રે દંભી.
કરે નિરંતર આત્મ પ્રશંસા, (૨) ફંદ રચે મન ફટકી, મરે
પછી ભવ ભટકી, રે માની.—આવા.
ધર્મ કર્મનો મર્મ ન જાણે, જાય વાતમાં છટકી, રે વેગે.
ઠીક મળીછે નારી એને, (૨) હવે જશે ક્યાં સટકી,
એ જરૂર પાડશે પટકી, રે એની.—આવા.

૪

ઉપવનમાં મધુકર ભ્રમણ કરે, મધુને લેવા,
ગણે ન તે સુખ દુઃખનું બંધન, ભમે રસ ભોગી
નિશદિન વનવન, તાપ ટાઢ તનમનથી વેઠે,
પણ નવ છોડે મીઠા મેવા.—ઉપવન.
સંજીવની રસ પીવો સ્નેહે, છે આગ્રહ મારો આ દેહે,
પ્રાણ જાય પણ તજું ન નિશ્ચય, માન્ય કરો ગુરૂ મારી સેવા.—ઉપવન.

૫

આવ્યો મનનો માન્યો હીરો તારા હાથમાં,
રાજી થાતું પેલી સાહેલીના સાથમાં,
ક્યાં સ્વર્ગ ક્યાં દાનવ નગરી, સબળ પ્રીતની રીત,
ચેતી ગઈછું જોઈ ચપળતા, ચોરાયું તુજ ચિત્ત.—આવ્યો.
મારા સમ સાચું કહીદે કાં, વાત છુપાવછ બેન,
હોઠ હસે પણ અબોલ રહી શું, ચડ્યું આંખમાં ઘેન—આવ્યો.
કેવી ચતુર આ સમજી ગઈ, મુજ કચ પ્રત્યેનો પ્યાર,
જાજા હાંસી કર નહીં એવી, ઘટતી નથી લગાર.—આવ્યો.

૬

જાશો ક્યાં દઈ વચન, નહીં કરવા દઉં ગમન,
ધીરે ધીરે ખસવું નથી ઘટતું, પ્રાણધન પ્રાણધન;
વરસાવી પ્રેમ ઘન, તરસાવો કાં નયન,
શું હસી, વસી, ખસી, જાવા, થાય મન થાય મન—જા.
મારીને શર મદન, રસ રેડી પ્રિય વદન,
ક્યાં તજી જશો! કરો પ્યારા, શાંત તન શાંત તન—જાશો.

૭

અતિ પ્યારા, પતિમારા, કયાં ગયા;
રતી ધારા, તજી ન્યારા, શું થયા.
આવ્યા હળવે મુખ મલકાવી, છળ બળથી મુજને સમજાવી,
દઈ દર્શન મન હર્યું હરખાવી, પ્રીત પરસ્પર પણ પરખાવી,
લલચાવ્યાં લાલે કોઈ આવી,
સ્વપ્નામાં દીધાં ભરમાવી,
શું લોભાયાં બા બા બા બા,
એ સંતાયા જા જા, કરે દીવો ધરી જોને ફરી ફરી,
પતિ મારા કયાં ગયા.

૮

માજી મેં જોડયો આ પ્રીતમમાં પ્યાર.—માજી મેં.
વરૂંતો એને વરૂં, હું એને વરૂં. જોડયો આ.
એછે મારો, હું છું એની, એ મમ હૈયાહાર;
એના વિના હું નજરે દેખું, સાર રહિત સંસાર—વરૂંતો.
સ્વપ્નામાં આવ્યો, મનને ભાવ્યો, સફળ થયો અવતાર;
ચિત્ત ચોરાયું તેથી જાણું, ગત ભવનો ભરથાર—વરૂંતો.
નેણનો તારો કરૂં ન ન્યારો, પ્યારો પ્રાણાધાર;
અંત ધરી એની ખોળ કરાવો, વિનવું વારં વાર—વરૂંતો.

૯

થશે શાંતિ ત્યારે આ અંતરમાં.
મારી હંસા જ્યારે જાશે, પરણી પ્રીતમના ઘરમાં—થશે.
ખબર આવશે જ્યારે એવા, છે દ્રઢ પ્રીત પરસ્પરમાં—થશે.
ખરૂં કહું મમ નાથ હું જ્યારે, જોઈશ સુતા સુખસાગરમાં—થશે.

૧૦

લાગી લગની કચમાં મારી, મોહ બાણ વાગ્યું તન કારી;
શિ સુંદરતા નેત્ર નીહાળું, વિવેકથી તો છેકજ હારી. લાગી.
ચિત્ત વિંધી ચતુરે ઘાયલ કીધી, દોરી દિલની ખેંચી લીધી;
જેમ જેમ હું પાછી ખેંચું, તેમ થાય લાંબી એ ભારી— લાગી.
પ્રેમીતું દુઃખ પ્રેમી જાણે, પ્રેમ વગરના કેમ પીછાને:
એવાને મન ઉલટી હાંસી, પણ પ્રેમીની ગતિ અતિ ન્યારી—લાગી.

૧૧

મદભરી દેખું આંખ તારી, મદનની જાણે રેખ સારી—મદભરી.
પીવા પ્રીતિની પ્યાલી, નેણ બે નાચે;
લાગે કામના વિકારી(૨)— મદભરી.
બાળક ભાવ મટી ફુટયા, જોબનના અંકુર;
કમાન સમ વાંકી વળી, ભ્રકુટી શી ભરપુર.
કવચ કંચુકી કેરૂં, કસી કસી પેર્યું તેં;
લજ્જા વાણી ચાલ ન્યારી (૨)— મદભરી.
જેમ ખીલે કાચી કળી, તેમ ખીલ્યું તુજ રૂપ;
ઇચ્છા શું બદલી સખી, કહે રહે કાં ચૂપ;
કામની સેનાએ આવી, ઘેરી શું લીધી;
કેણે મોહમાં ઉતારી. (૨)— મદભરી,

૧૨

હું તનયા છું ગુરૂ દાનવની, શી અછુતી ત્યાં સુર માનવની;
ઉર ઇચ્છા દેવ ગુરૂતનની, પરવા ન કરૂં જગના જનની.—હું તનયા.
કુળ રૂપમાં સરખાં એય અમે, વય વિદ્યા વાણી તેમ ગમે;
એ શીત સમીર છે સ્વર્ગ તણો, આ સરસ લતા મલયા-
ચલની.—હું તનયા.

ભલે ચંદ્ર ચકોરીને ન ભજે, પણ ચતુર ચકોરી કેમ તજે;
ઉમળકાં તો છે મનની મનમાં, નિરખી કચને પ્રેમાળ બની—હું તનયા૦
મનવાળું તોય નથી વળતું, સમજી સમજાય હજી બળતું,
નિરૂપાય થઈ કહે કેમ કરૂં, છે ચાતકને આશા ઘનની—હું તનયા૦

૧૩

એમ શું થઈ સખી છેક અધિરી, જોઈ વિચારીને ચાલીએ;
કેમ અધીરી હું ઇચ્છિત નાથનો, હાથ હેતે શું ન ઝાલીએ;
એકલી તારી છે ઇચ્છા નકામી, સામાનું ચિત્ત નીહાળીએ;
એવું તો હું થકી થાય નહીં, પણ લીધું જે એક તે પાળીએ;
કેવી છે પ્રીતિ, કેવી છે રીતી, કેવી છે નીતિ, સંભાળીએ;
રૂપ ત્યાં પ્રીતિ, રૂપ ત્યાં નીતિ, એમ અમે ઉર ભાળીએ;
ધન્ય તુને ખરૂં, જ્ઞાન થતાં લગી, મનડું મારીને વાળીએ;
વાળ્યું વળે નહીં, દેહ દહે દિન, નેહની લેહમાં ગાળીએ.—એમ.

૧૪

દાનવે સુંદર પારિજાત; સરખાં, કુમળાં, ફુલને, તોડી, નાંખી,
સુગંધ રહીત કર્યું.—દાનવે.

જોવા પાપી, એવા અતિ અવિચારી, માયાથી કરે અંધા,
ધંધોજ હલકો, નથી ધરતા એ તો લેશ બીક,

એ ઠીક રીત જાણો દાદા;
શું તું કહે શાણી સુતા અંતરમાં,
શાંતિ થાય તુજ વચન શુણી.—દાનવે.

૧૫

વાહરે વાહ મન તારૂં, સુમન સમ કેવું નરમ છે;
ધામ ધરા ધન કે સુત દારા, મળે સકળ સુખ ન્યારાં ન્યારાં:
જીવન ફરી કોણ લાવે, કદાપિ ન આવે,
જે બદલો વળાવે, જગતપતિ તોતો પરમ છે.—વાહરે.
જૂદાઈ શાને આવી જણાવો, મારા સોગન કાં કહી બતાવો;
પારસ સમા છો પ્રવાસી, પ્રભુતા પ્રકાશી,
રહે ત્યાં મણા શી, વિનયવશ મારો ધરમછે—વાહરે
તું ગુરૂ તનુજા, અતિ કરૂણાળી;
છો કુળવંતી, ને ગુણશાળી.
સ્ફાટિક મણિ તુલ્ય ટેકી, વળી છો વિવેકી,
છવાઈ શી નેકી, વદનપર સાચી શરમ છે....વાહરે.
એમ કહી શરમાવો શાને, યોગ્ય નથી હું એ ઉપમાને,
એમજ વૃથા શું વખાણી, હજી છું અજાણી;
વદોમાં એ વાણી, ઘટીત નહીં ખોટો ભરમ છે.—વાહરે.

૧૬

અંતર અનહદ શી એવી ધ્રુન ભરી,
દેવયાનીના આચારનું રૂપ ન જાણું;
દેખાય છે જુદો સાર—અનહદ.
શરમાવે, લલચાવે, બચાવે, બોલાવે, ભાવે,
જમે નહીં, રમે નહીં, હું વિના એ શું બતાવે;
ધર્મ કષ્ટ, દેખું દષ્ટ, હાલ ખ્યાલ ખરો ના આવે,

પણ પર સાથે આવી જાતનો ધટે ન પ્યાર—અનહદ.
વેગી મન વેગમાંને વેગમાં તું દોડયું જા માં,
ગુરૂપુત્રી એવી ન હોય ખોટ લાગે ખડમાં;
આરોપ ન મૂક એવો, જો હજી અધીરૂં થામાં,
કદાચ તે હોય ભાઈ પ્રત્યેં બેન જેવો પ્યાર—અનહદ.

૧૭

દાનવ બળ દળવા નહીં દઈએ છે દિલમાં ચટકો,
ઝટપટ ખટપટ જઈ બંધ કરો પકડી જકડી પટકો;
એ નટખટ વટનો કટકો, મારો ઝટકો, નાં અટકો,
છેવટ દિન દુશ્મનનો જાણી, ખુબ ધરો ખટકો;
ચાલો દોડીને સામે.—દાનવ.

૧૮

આહાહા આ શું મુખ બોલી ભૂલી નિજ ભાન ભાન,
આવું આવ્યું તુંને કયાંથી, ઉછાંછળી તાન તાન;
જે બચાવે, જે બોલાવે, પૂરણ ભાવે, જે હસાવે,
જે જમાડે, શુદ્ધ ખાન પાન—
તે શું બગાડે, ગયું કયાં કહે તારૂં જ્ઞાન જ્ઞાન—આહાહા.
આથી પ્યારૂં, હું વિચારૂં, મૃત્યુ મારૂં, જીતી હારૂં,
શું સુધારૂં, વળી સાન સાન,ભજવ્યો વેશ ભલો
તેં, પાછું લીધું દાન દાન—આહાહા.
બેગ તારો, આ ન સારો, છે નઠારો, સુખ કિનારો,
તોડનારો, આપ ધ્યાન ધ્યાન;
એક દિને ખુબ ખેદ થશે, બેન માન માન—આહાહા.

૧૯

અરે જાલા ધુર્તે જાણી તુજ વાણી;

તારા પ્રેમમાં હું પસ્તાણી—તારા.
તારી પાછળ જો, અંધ બનીતી દીન બનીતી, ઘેલી
બનીતી, તે શું આમ ઠગાણી; અરેરે તે શું આમ ઠગાણી—તારા.
સ્વર્ગનો વાસી, પણ ન વિલાસી, છેક ઉદાસી,
નાસે ત્રાસી, ફેવું ફેર્યું તે પાણી; પ્રીતિપર કેવું
ફેર્યું તેં પાણી—તારા.
માદકનું જળ, ભરી છલોછલ, પાત પળે પળ,
રસમય મંગળ, ઢોળી કર્યું ધુળ ધાણી; મુર્ખ તેં
ઢોળી કર્યું ધુળ ધાણી.—તારા.

૨૦

એતો મને શાપ લાગે સારો. વાહ વચન મજેનું ઉચાર્યું શું—મને.
કેવો સ્વભાવ તારો,
પ્રીતિનો પંથ ન્યારો, વિપ્ર શું જાણે બિચારો,
શાણા ક્ષત્રિ કુમારો;
કેમ તજું ધર્મ ધારો,
બારે ધર્મ પાળનારો, પ્રેમનો પવિત્ર ક્યારો,
તોડયો તેં આજ મારો, પરવશ વશનારો,
ભૂલી ગયો ઉપકારો.—શાપ.
ભૂલ્યો નથી, જોયું મથી, સાચી કૃતિ,
રાખી ધૃતિ, પાળું અતિ, દૈવગતિ,
શુદ્ધ મતિ, એન પ્રતિ.—મને.

૨૧

છે ધન્ય ધન્ય ધીર, ભલે રહ્યો તું સ્થિર;
તેં ઈંદ્રનું, દેવનું, તાતનું, નીતિનું, રાખ્યું અખંડિત નીર;

સંજીવનીથી મૂલ, તારૂં થયું અતુલ;
અતિ, સુરપતિ, અંતરે જોઈ આ તુજ મતિ,
હર્ષનો આવ્યો સમીર.
છો યોગ્ય સર્વમાં, તું ચાલ સ્વર્ગમાં;
આ અપ્સરા આવીયું તેડવા તજ ધરા બેસ
વિમાનમાં વીર.—છે ધન્ય.

અંક ૨ જો.

૨૨

સાહેલી, આજ સાહેલી, આનંદ છે આજ સાહેલી;
પુરૂં કર્યું પ્રેમ ધરીને, પ્યારૂં વ્રત્ત આજ સાહેલી.
જવ રે વાવીને રૂડા, જવારા ઉગાડ્યા બેની,
ઝારીથી સીંચી ચલવી જળની રેલી.—આનંદ.
મોળું રે જમી કર્યું, પુજન ગૌરીનું પ્રીતે,
કુંકુમ છાંટી અંગ ધર્યાં પટ એલી.—આનંદ.
અબીલ ગુલાલે આલી, પાળ મજેની બાંધી,
વિધવિધ રંગે ચોક પુર્યા મન મેલી.—આનંદ.
કુંવારી કન્યા કેરૂં, કૃત્ય છે એ એક સાચું:
યોગ્ય પતિ તણી અંતરે આશ વસેલી.—આનંદ.

સાખી

ચાલો ચાલો સરોવર તીરે, નહાવા સ્વચ્છ નિરેરે;
અન્ય વસ્ત્રો ઉતારી નાંખી, રહીએ એક ચીરેરે.
ચાલો સરોવર તીર, નહાઇએ નિર્મળ નીર;
જવારા જળમાં આ પધરાવીને,—સાહેલી.

૨૩

ખસ રસ કસ નથી રહેવો, હવે જરા જો બોલી
બીજી વાર વઢકણી.—ખસ,
પુત્રી હું દાનવપતિની, તુંછો બાળા વિપ્રની,
અમથી છકી કાં જા, ગુણ શું મફતના ગા,
તું દુર અહીંથી થા.—ખસ.

૨૪

જાજા તું કોણ મને કહેનાર. (૨)
ગમે તેવી પણ દાસી અમારી,
વાસીદું મુજ ઘરનું વાળનારી;
પાણી વળી પાનાર.—જાજા.
બાપ તારો એક દેશનો રાજા,
ગુરૂ તણી ત્રણ લોકમાં માજા;
વૃથા નાદાન, બની બેભાન, કરે અભિમાન,
વળે નહીં સાન, મદમાં થાય કાં આમ હેરાન,
જો ન જાતી હદ બહાર.—જાજા.

૨૫

એવી શંકા તજી ચાલો સગેરે;
ગુરૂ આપશે માન ઉમંગેરે;
આજ આનંદ મારે અંગે, પ્રવીણ છોજી પ્યારારે.—એવી.
એવું સાહસ કહોની હુંથી કેમ થાય;
જોકે મનમારૂં લલચાય મલકાય;
પણ આમજ ત્યાં શું અવાય,
પ્રસંગ ન આ નહાનોરે.—એવી.
ક્ષત્રિ વધુ હું થવાની જોઉ ક્યાં જવાબ;

મુને શાપ એવો છલબલ ન વદાય;
હવે વલ્લભ નહીં છટકાય મારા સમ માનોરે.—એવી.

૨૬

શું આવા મદમસ્ત, બને બસ, અસ્તકાળ એનો લાવું,
તનુ કંપાવું, અતિ અકળાવું હું.
દેવયાનીના પ્રાણ જાતતો, પડત કેટલું પસ્તાવું;
કરત દેવ પાછળથી હાંસી, ઝેર થાત જ્યાં ત્યાં જાવું,
મમ સુખ આવું, રસમય ખાવું,—શું આવા.
આ નગરીનો નાશ કરીને તરત હવે બળ અટકાવું,
શુક્ર પરીક્ષા થાય ખરીતો, વનવન એને ભટકાવું,
અરિ હરખાવું, છળ છવરાવુ હું.—શું આવા.

૨૭

દયાના નિધિનો તનુજા પ્રતિ આ કોપ ના ઘટે;
કદી છોરૂ કછોરૂ થાય તોય પિતાની પ્રીતિ ના ઘટે,
પિતાની, પિતાની, પિતાની, પિતાની, પ્રીતિ ના ઘટે.—કદી.
ગુરૂ, હું સુતા છું તમારી, મતિ શી છે માહરી;
હજી મારૂં કેવું જ્ઞાન મોટું વિચારો આમ ના ઘટે;
વિચારો. (૪) આમ ના ઘટે,—કદી.

૨૮

ત્રાસ કાંઈ નવ રાખતા એવો મનમાં, તલભર બાપુ તનમાં,
તિલભર દાદા મનમાં.—ત્રાસ.
છો જન્મદાતા તમે, લૌકિક ઇશ્વર તુલ્ય;
આવો વખત મળવો નથી, સુજને તાત અમૂલ્ય;
આમાં ખોટું નથી લાગતું મારા મનમાં, પલભર બાપુ
તનમાં, તિલભર દાદા મનમાં.—ત્રાસ.

૨૯

આનંદે છલકે આજેરે અંતર મારૂં,
રાજ સુતાને કરી મેં દાસી, મૂકી મોટું આળ;
કોઈ નથી કરનાર હું જોતી, મારો વાંકો વાળ;
પુરણ કીધુંરે, મેં પણ ધાર્યું.—આનંદ.
મેણું જે માર્યું એના, તે મુખમાં રાખ્યું;
એ ભરશે ઘરનું પાણીરે, હું નવ હારૂં.—આનંદે.

૩૦

છે નમન, છે નમન, નગરેશને;
હાલ કેમ ચાલે વહેવાર, છે કેવો વસ્તીનો પ્યાર,
નથી ખિન્ન, છે પ્રસન્ન, મનથી સદા પાળે પ્રીતે વરણાચાર;
સમાધાનીથી ચલવું રાજ, કરૂં ન્યાયથી સર્વે કાજ,
સકળ સૈન્ય સાવધ નરનાથ, શસ્ત્રાદિ સામગ્રી સાથ,
જ્યાં આધિન, જ્યાં આધિન, સૌ સેવકો ત્યાં શત્રુનોછેશું ભાર.—છે નમન.
રાજ ખજાનો છે અતિતર, પૂર્ણ આજ નૃપ કમળાકર;
કરૂં નગર રક્ષણ દિન રાત, લઉં ઓળખી જાતકજાત;
જાય તન જાય ધન પરવા નથી, શિર દેવા આ તૈયાર.

૩૧

હવે જીવન અરે શું ધરવું, પ્રિયની નજરે મરવું;
દિલમાં ન કદી ડરવું, હવે જીવન.
પિતુ લોભે ગઇ કરથી પ્યારી,
મારી મુજને પ્રેમ કટારી, રહ્યું જખમી થઈ ફરવું.— હવે.
ધિક કન્યાવિક્રય કરનારા, ધિક બાળા સમને વરનારા;
મુખ કાળું એનું કરવું.— હવે.

૩૨

પ્રિયા મારી પ્રેમી, પિતુ પ્રબળતાથી પર કરે;
જવાની છે તેથી, વિકળ મતિ બીજે નવ ઠરે;
ગળે ફાંસો ખાઈ, મરણ વશ થાવા મન ધરૂં;
શુપીલા સંભારી, અવર ભવનું ચિંતન કરૂં.

૩૩

શાણી શુપીલા પરણીને જાશે સાસરે રે;
કરજો રક્ષા એની દીનાનાથ;
અમને તારો છે સાચોરે શંભુ આશરો રે; શાણી.

૩૪

મુખ દીઠા વિના મુને સુખ નવ થાય,
મારૂં મનડું હરિ લલચાયરે, મારાં લોચન જોવા લોભાયરે.— મુખ.
રસના બીનારે તમે રસબસ થાજો,
પ્રીતિની પ્યાલી મુને પ્રભુજી પાજો,
અરજી મારી આ તમે ધ્યાનમાં લેજો,
મુને દાસીને દરશન દેજોરે.— મુખ.
હુંતો છું પ્રભુ તારા પ્રેમની પ્યાસી,
મનહર મૂર્ત્તિ તારી ગઈ મુને ભાસી;
સંદેશો મારો કોઈ, જઈને આ કેજો–મુને. મુખ.

૩૫

જોઈ છબી કે એ ફાંકડે, મારૂં ભાન ભૂલાવ્યું તું
મુને કરીતી ઘેલીરી, એ ફાંકડે, મુંને કરતી ઘેલીરી;
માનીતો હતો મનમાં, લાગ્યું તું તાન તનમાં,
કેવાતું નોતું જનમાં, ડોલાવ્યું તું.— જોઈ છબી કે.

પાછા નજરે નીહાળીરી, એ છેલને, પાછો નજરે નીહાળીરી;
હાં હાંરે મન ફટક્યું, પ્યારાની પાસે સટક્યું,
હવે ન રહે અટક્યું, મિલાવ્યું તું— જોઇ.

૩૬

કેમ આવડે, ચિત્ત ના ચડે, જન્મી સુંદર રાજ ભુવન,
હું જે ફુલ, તેનું મૂલ, દાસી તૂલ્ય, વિધિની ભૂલ.— કેમ.
શ્રમ હું બહુ કરૂં છું, પણ સૌ વિસરૂં છું;
નથી સુઝતું મારૂં કામ, કહોની આ કયારે હતું;
જાણું થાકી ઘણી, નિજ ગણી, દિયો ક્ષમા,
માગું આજ, હું સખી.— કેમ.

૩૭

બીતીનાં લગારે વહાલી, લાગ્યો મુંને રંગ તારો,
છોડું નહીં સંગ તારો;— બીતી.
વધારે વદું શું વાણી, સંકોચામાં મિથ્યા શાણા,
આજથી તું બીજી રાણી, મળ્યો આ પ્રસંગ સારો,
છોડું નહીં સંગ તારો;— બીતીના.
પ્રીતી કાચી શાને જોડો, ભરૂંસો મુંને છે થોડો,
સતાવો કાં છોડો છોડો, દેવીનો છે જંગ ન્યારો;
છોડું નહીં સંગ તારો; બીતીના.
નથી હું નમાલો નારી, એમ હામ શું જા હારી,
પાસે આવી પ્રાણ પ્યારી, કોલ લે અભંગ મારો,
છોડું નહીં સંગ તારો;— બીતીના.

૩૮

કામાધિન થઇને શું કામા તજો છો;
પ્રીતિના, રૂપને, વિચારો, વિચારો, દાસી જોડે પ્રેમ કેવો:

ભૂપ છે મિથ્યા આ ભામા.— કામા.
પરિણામ નહીં સારૂં આવે, ચેતી ભૂલ સુધારો પ્રીતિના રૂપને.
વિખનું બી વાવીને રાજા, શું ફૂળ લેવું ધારો.—પ્રીતિના.

૩૯

આજ અમારે અંગ, અનહદ છે ઉછરંગ,
રમીએ જમીએ સખીના લગ્નમાં;
ચાલો ન લાગે વાર, સજાવીએ શણગાર;
જુઓ આ હોંસ ભરી હંસાવળી.
હોય શું હંસા સરોવર વાસી, પ્રીતિ તણી પ્યાસી,
હતીતો પ્રકાશી, ઉરે વસ્યો.
આવ્યો તારો નેહ ભર્યો નાથ, સોંપજે સજની જમણો હાથ,
એતો છે પ્રવાસી, વિનોદી વિલાસી, હસી ધસ્યો;
શુદ્ધ સ્નેહથી સુધરજો, વધુ વરનો સંસાર;
ઈચ્છા અતિ એવી છે અમારીરે, જેમ, પ્રેમ,
જામ્યો રહે છે સારસ જોડમાંરે લોલ;
સદા જામો એવો એનો પ્રેમ, જોડું ક્ષેમ,
રહો નેમથીરે લોલ; લાડ પુરાં કરે કંથ કોડમાંરે લોલ;
હવે ચાલો વેગે પાય ધરીએ, કરો ન ઢીલ જરીએરે,
ઝટ સાહેલી શણગારી તૈયારી કરીએરે.

૪૦

હાય કોને હવે આ કેવાય, કંપે કાય મન મુંઝાય જાણે જીવ
જાય, ચિત્ત મારૂં અરેરે ચિરાય.— હાય.
શું મરજાદા કરમે મેલી દુઃખ દરિયામાં આમ ધકેલી
હાણુ ઠગારો, આવ્યો ન્યારો, હાય હરી ક્યાં મોહન મારો,

ક્રુરએ કેવું ઝેર ઝરાવ્યુ, વેર વસાવ્યું, હાય.
દુ:ખ આવું ન હુંથી ખમાય.— હાય.

૪૧

ચવાની હુંતો રાણી રૂપાળા ભુપની.
વયમાં, સરખી, અંગે, છું, નવેલી, રૂપાળા ભુપની;—ચવાની.
વેશ એવો લઉં, દઉં ન કળાવા, કોઇ ન જાણે વાત;
જાઇને, બાજી, જીતું, દાવ, ખેલી;— રૂપાળા.
રૂડા રંગીલા, છેલ છબીલા, એ રાજાની સાથ;
પરણી, પ્રીતે, માણું, કામ કેલી;— રૂપાળા.
સૌને નચાવું, અમલ ચલાવું, ખુબ રીઝાવું નાથ;
લટકે, મટકે, ચટકે, રંગ રેલી:— રૂપાળા.

૪૨

હાય શું મેં આ વિપરીત જોયું, રત્ન હાથ આવ્યું તે ખોયું;-હાય.
સુંદર વર એ લઈ કયાં ચાલી, જેમાં મારૂં મનડું મોહ્યું.— હાય.
જાય જાય એતો જાય, કેવા ઉપડે પાય, આવે ઉભરા
જે અંતરમાં, અંતર તે સમાય.— હાય.
ચાલ ચાલ મનવા ચાલ, પાછળ પુછી ચાલ;
પતિપુર પહોંચી એ રંડાની, નજરે રમત નિહાળ.—હાય.

૪૩

બાંધી પરથી પ્રીત, પ્યારે મારે બાંધી પરથી.—પ્રીત.
માનહીન હું થઇને બેઠી, મળી હાસીને જીત;

હારી હું મળી દાસીને ઉત.—પ્યારે મારે.
તજી મુંને જેમ, તજે મૃગ હરણી, કર્યું કામ વિપરીત:
ગોકુમાં કર્યું કામ વિપરીત.—પ્યારે.

૪૪

અહહ મમ સુતા તું, છો સુખી આવ બેટું;
અધિક દિવસ વીત્યા, શું કરૂં એન છેટું.
નિજ પિતુ ઘર છોડી, પારકે ઘેર જાય;
પ્રગટ ધન પરાયું, પુત્રી રૂપી ગણાય.

૪૫

રે શું બાપુ આ બોલી ગયા, આવા નમેરા કાં થયા.—શું.
હું દીકરી તમ તણી, આમ જો નગણી થાઉં;
શિવ શિવ તો પછી તાત હું, નક્કી નર્કમાં જાઉં.
પતિની કાય, વૃદ્ધ જણાય, તોનો હાય, ભુંડી થાય.—રે શું.
ગમે તેમ પણ શિરમણિ, એ મારા કેવાય;
તેને મમ રોશે કરી, વૃદ્ધ કેમ જોવાય.
છે ધિક્કાર, વારંવાર, એવી નાર, જે સંસાર.—રે શું.

૪૬

આપુંછું જોબન દાદા હું મારૂં, આથી બીજું મુંને કાંઇ ન પ્યારૂં;
નથી ઇચ્છા જુવાની કે રાજની, પિતા દેવ જેવા માનુંછું હું અંતર.
આવો ક્યાંથી મળે રૂણ મટવાનો અવસર;
નથી સુખ સ્વર્ગનું આની બરાબર,

એ જ્યાં મુજને, વેચે ત્યાં હું, હમણાં જઇ વેચાઉં;
વચન પડે નહીં, જ્યાં મુખમાંથી, ત્યાં હું દોડતો જાઉં:
એ છે મારૂં તન ધન, માજી એક ખરૂં, એ છે મારૂં તન ધન.
પ્રભુ મમ રાખે લાજ, ભવ ભય ભંજન.—માજી.

૪૭

આજની ઘડી આ કેવી બેન, (૨) શી નિહાળી, શી રસાળી,
પ્યારા પ્રભુએ પીડ પ્રજાળી.
શીલવતી, સારી ગતિ, પામે અતિ, જામે રતી,
ખરૂં કહે છે શાણી સખી તું, હું છું તારી ખીશ નહીં તું:
જોબન ફરી પતિને મળ્યું, એથી અધિક શું યોગ;
વસી સંપમાં આપણે, ભોગવીએ સુખ ભોગ.
પતિ હિતનાં વચનો એ તારાં, પાળો જેમ અમૃતની ધારા.
આવો બે મળીએ પામી ચેન.—આજની.

૪૮

આહા આ શું રંગ ગયો બદલાઈ, રહી પરિમલ શી પથરાઇ;
આનંદનો ઘન ગાજે ઘનનનનન.—આશું.
ભાવિ પ્રબળ જાણો,
ભલે સખી બે હવે સુખ માણો, સંપી જંપી પ્રીતે તનનનનન.
—આશું.
અધિક વિજય પામો, ઉજવળ યશ આ જગમાં જામો:
સ્વામિ સાથે રમો રંગે ઠનનનનન.—આશું.

અંક ૩ જો.

૪૯

ખટપટ કરકે જનમ ગુમાયા, માયામેં ગુલતાન બની;
એ ફિકર તું પડા રહે ક્યું, પીછે હોયગા કોન ધની.—ખટ.
ખાનાં પીના માલ ખજીનાં, કભી સંગ નહીં આવેગા;
કાલ ઝપટ જબ પહોંચેગી તબ, છીનમેં સબ ઉડજાવેગા;
સગેં સહોદર પ્રાણકી પ્યારી, દુર હઠેંગે ગમ ખાઈ;
યમકે કીંકર આઈ અચાનક, પકડ લેયેંગે કરસાઈ.—ખટ.
ચેત ચેત પામર અજ્ઞાની, કોન સંગ વહાં આનેકા;
સચે સંતકે સેવન કરલે, ત્રિવિધ તાપ જલ જાનેકા.—ખટ.

૫૦

ઉસ જાગપેં હમ રહે, તુંમ વહાં ન આ સકોગે;
વેડાહે અજાડી, કાંટોકી બહોત ઝાડીહે;
ફકરોંને દિલસે ફાડી હે.—તુંમ.
ખાલાકા વહાં ન ઘરહે, ઘાટી સીતમ કત્તરહે;
મરદોંકા વહાં ગુજરહે.—તુમ.
યે કામ નહીં કચ્ચુંકા, યેં ખેલ નહીં બચ્ચુંકા;
મેદાનહે સચ્ચુંકા.—તુમ.
મુર્શીદ બિના યું જાવે, આગે શરાહ ન પાવે;
ક્યા રમગમ બતાવે.—તુમ.

૫૧

છુટે પટે રમનાર, પોપટડી પડી પાંજરામાં;
સુખી સર્વ વાતે, ભૂપ મન ભાતું,
મોજ ન પણ મળનાર, જોતી મળે છેલ નવામાં.—છુટે.
ભાગે જનાનું જેવું કેદખાનું, જાણે બેડીનો પગભાર,

બંધા નદી બાર ફરવામાં.—છુટે.
રસીક વિના હવે ઘડી નહીં ચાલે, રસીક વિના હવેતો;
ઘડી નહીં ચાલે, નથી જરા ડરનાર. ચતુર હું ખોટાં ખરામાં.—છુટે.

૫૨

મનમારૂં તેંતો હાય, ઓ પ્રિતમ વિકળ કર્યું,
તુજ પુરમાં આવી પણ, હજી કાંઇ કામ ના સર્યું.—મન.
ચતુરાઇથી નરવેશમાં, નારી છતાં રહું;
નિત વિરહને તાપે તપું, ચિત્ત ક્યાંય ના ઠર્યું.—મન.
સરોવર તીરેથી હંસણી, છેટી નહીં વસે,
ઉડતી તે પાછી આવશે, પણ એવું મેં ધર્યું.—મન.

૫૩

શ્યામ રંગી કાગ ક્યાંથી હંસવરણો થાશેરે હાં,
વાસો માન સરોવર તીરે, અખાજતો એ ખાય.
બદલે રૂપ નહીં પોતાનું.
બનાવટી મોતીનો દાણો, સાચા જેવો લાગેરે હાં;
દાબી જોતાં ફટદઇ ફુટે, પછી કેમ વપરાય.—બદલે.
ધોય કોયલા તોપણ કાળા, રંગ ન બીજો પામેરે હાં,
વંઠી વામા કદી ન સુધરે, કોટી કરો ઉપાય.—બદલે.

૫૪

ધન્ય ઘડી પળ આપ પધાર્યા, મનના મનોરથ સર્વે સુધાર્યા,
એક વેળાએ હશો તમે મારા, તેથી મળ્યાં ફરી ન રહ્યાં ન્યારાં,
સાચાં ગણું છું એ વેણ તમારાં, પુષ્પમાળા ધરો કંઠમાં પ્યારા,
જોઇ મેં લીલા, મુકું ન ઢીલા,
વહાલા વસીલા, રંગે રસીલા,
ઉર વસી, આવો હસી; બેઠા ધસી.—ધન્ય.

૫૫

પ્રિયા મારી હુંને ભૂલન આવું કેવી રીતે,
અધિક વિકટ છે, ન્યાય રીતી, પાળી પળાવું ન્યાય નિર્મળ નીતિ,
ઉપજે જેમ, પ્રજામાં પ્રીતિ, મારે શત્રુની ભીતી.—પ્રિયા.
પ્રાણ થકી ગણું, તુજને પ્યારી, જોવી ગમે મુખ મુદ્રા તારી,
ઝરે પ્રેમનું શીતળ વારી, રાજ ધર્મ ગતિ ન્યારી.—પ્રિયા.

૫૬

મનહરણી તું તો ગણી, જેની મુજ બણી, પરમ પદ્મણી,
મદિરા આપી.—મનહરણી.
પ્રિય લાવો મદ પ્યાલી, રહે વ્યાપી રસ લાલી,
કેવી વાણી આ તારીરે, લાગે મને પ્યારીરે,
ટેકી તું છે ઘણી લીધી માપી;
નથી ન્યારા, પીઓ પ્યારા, નયન તારા;
લાવો છબીલી પીઉં પ્રીતે રસીલી;
થયો હવે ખરો સ્નેહ, આનંદનો વરસ્યો મેહ,
રાણી સૈયર ગણી ઉર છાપી.—મનહરણી.

૫૭

અંતરમાં વિશ્વાસ સાચો, સાક્ષી સ્વયં પ્રકાશ
તારો હતો મને,
ક્યાં વડ ક્યાં આ મેહેલ પીયુનો, ક્યાં હું પુરૂપને વેશ;
દાસી સાથે ક્યાં મુજ યારી, ક્યાં ત્યાં નાથ પ્રવેશ.—તારો..
શું થાય ને શું ધારીએ, અકળ કળા તુજ નાથ;
તારી ગતિ તો તું જાણે છે નથી અવરને હાથ—તારો.

૫૮

જ્યાં દાદા સાથે જાવું, ત્યાં રહ્યું નહીં અકળાવું,
જો કહો તમે તો સ્વર્ગે, જઇને અમૃત હું લાવું. જ્યાં.

હું કઠણ મંત્ર પણ સાધું, કહો તેને હું આરાધું,
કહોતો પાતાળે પેસું, પણ અફળ ન પાછો આવું   જ્યાં.
તમે રાજી મનથી થાઓ, મારા સમજો અકળાઓ,
કરી પુરૂં પિતુ હિત મારે, ધરી હામ કૃતારથ થાઉં.   જ્યાં.

૫૯

સેવા મારી સ્વીકારો હે ભૈરવ કૃપાળઃ
આશરો છે એક તારો, શત્રુ મારાને સંહારો.—સેવા.
શ્યામ મૂર્તિ નેત્ર ત્રીજું ભાળ,
કર ત્રિશુળની શી છટા, કંઠ મુંડ માળ,
મુખ છે લાલ શિર જટા, હે ભૈરવ કૃપાળ.—સેવા.
આવી દ્વારે આજ, હું તુજ બાળ,
મમ સફળ ઇચ્છા કરો, છો સદા દયાળ,
દુઃખની જાળ હર હરો, હે ભૈરવ કૃપાળ.—સેવા.

૬૦

ચિત્ત ધરોરે, ચિત્ત ધરોરે, દુષ્ટના દંભને ચિત્ત ધરો,
સેજો હંસની મતિ સમ સાર, દોષને, ચો તજી,
મેળવો, બોધ ખરો—   ચિત્ત.
વિદ્યા લક્ષ્મીથી નરનાર, શોભીને, વૃદ્ધિથી, સૃષ્ટી આ,
શાંત ઠરો.—   ચિત્ત.
માની પ્રભુનો અતી ઉપકાર, સત્યને, શીલથી,
ભવનિધિ, સઘ તરો,—   ચિત્ત.
જોડીને કર વારંવાર,
શ્રીહરી, ચરણુમાં, સર્વદા, સ્નેહ કરો.—   ચિત્ત.

સમાપ્ત.

જાહેર ખબર.

નીચેનાં પુસ્તકો મોરબી નાટક કંપનીનો જ્યાં મુકામ હોય ત્યાંથી, મોરબી તળપદમાંથી, તથા જે જે શેહેરમાં અમારા આડતીયા બૂકસેલરો છે, તેમની પાસેથી રોકડી કિંમત મોકલી અગર વેલ્યુપેબલ પાર્સલથી મંગાવી લેવાં.

ભર્તૃહરી નાટક.	૧—૦—૦	જગદેવપરમારગાયન	૦—૨—૦
સદર ગાયન.	૦—૨—૦	ચંદ્રહાસ ગાયન.	૦—૨—૦
ચાંપરાજ નાટક.	૧—૦—૦	પૃથુરાજ ગાયન.	૦—૨—૦
સદર ગાયન.	૦—૨—૦	સીતાસ્વયંવર ગાયન.	૦—૨—૦
રાજસિંહ નાટક.	૧—૦—૦	ઉષા હરણ ગાયન.	૦—૨—૦
સદર ગાયન.	૦—૨—૦	કેશરીસીંહપરમાર ગાયન.	૦—૨—૦
રાણકદેવી નાટક.	૧—૦—૦	વિરબાળાનાં ગાયન.	૦—૨—૦
સદર ગાયન.	૦—૨—૦	વિબુધવિજય ગાયન.	૦—૨—૦
ત્રિયારાજ નાટક.	૧—૦—૦	દેવયાની નાટકનાં ગાયન.	૦—૨—૦
સદર ગાયન.	૦—૨—૦		
ત્રિવિક્રમ નાટક.	૧—૦—૦		
સદર ગાયન.	૦—૨—૦		

મુળજી આશારામ ઓઝા.

ગ્રંથ કર્તા.